ગાંધીનગર સમાચાર

સફાઈ કામદારોનું અભિવાદન કરતું વસાહત મહામંડળ

# શહેરની કિશોરીના રાજસ્થાનમાં ત્રણ સ્થળે સોદા...!!

ગાંધીનગર, તા.૨૩

પાટનગરમાંથી ૧૫ વર્ષીય કિશોરીનું ત્રણ મહિના પહેલા પડોશમાં રહેતું દંપતી લલચાવીને અપહરણ કરી ગયું હતું. એક મહિનો રાજસ્થાનમાં પોતાની પાસે કિશોરીને રાખ્યા બાદ મેવાડના શખ્સોને રૂ. ૩૦ હજારમાં વેચી દીધી હતી. મેવાડના શખ્સોએ અન્ય સ્થળે રૂ. ૧ લાખમાં કિશોરીને વેચી મારી હતી અને આખરે તે ખરીદદારોએ એક યુવાન સાથે દોઢ લાખમાં સોદો કરીને કિશોરીને પરણાવી દીધી હોવાની ધ્રુણા ઉપજાવે તેવી ઘટના ધ્યાને આવી છે. કિશોરીએ રાજસ્થાનમાં લગ્ન કરનાર શખ્સ સામે ફરિયાદ આપતા રાજસ્થાન પોલીસે સે-૭ પોલીસને ગુનો ઝીરો નંબરથી ટ્રાન્સફર કર્યો છે. સે-૭ સેકન્ડ પીઆઈ પ્રિયદર્શીએ ગુનો નોંધી ત્રણ શખ્સોની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે અને ઘટનાના મુળ સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૬ ખાતે રહેતા મારવાડી પરિવારની ૧૫ વર્ષની દિકરી ઉષા (નામ બદલેલ છે) ત્રણ મહિના પહેલા મુળ રાજસ્થાની અને તે સમયે પડોશમાં રહેતા રાધા અને અમરત નામના બે શખ્સો લલચાવીને રિક્ષામાં બેસાડી ચિલોડા લઈ ગયા હતા. રિક્ષામાંથી ઉતરીને ચિલોડાથી બસમાં રાજસ્થાન પહોંચી ગયેલા દંપતીએ ઉષાને એક મહિનો પોતાની સાથે રાખી અને ત્યારબાદ મેવાડ વિસ્તારના દાદુમામા, ગીતા અને શ્યામ નામના શખ્સોને રૂ. ૩૦ હજારમાં વેચી દીધી હતી. ત્રણેય શખ્સોએ થોડા દિવસ ઉષાને રાખ્યા બાદ ધીરજ કંજર અને નાથી ઉર્ફે રવીના કંજર દંપતીને રૂ. ૧ લાખમાં વેચી તેનો સોદો કરી દીધો હતો. કંજર દંપતીએ ઉષાને ૧ લાખમાં ખરીદ્યા બાદ ઉષાને ત્યાંના સાહીલ નામના શખ્સ સાથે પરણાવી દીધી હતી. સુત્રોના જણાવ્યા મુજબ ઉષાને દોઢ લાખ રૂપિયા લઈને સાહીલ સાથે પરણાવવામાં આવી હતી. જો કે કંજર દંપતિનું કહેવું છે કે દાદુમામાએ પોતાની દીકરી હોવાનું કહીને દંપતીને ઉષા વેચી હતી. સાહીલ એક ફેકટરીમાં કામ કરતો હતો અને દારૂ પીવાની ટેવવાળો હતો. દરરોજ ઉષાને દારૂ પીને સાહીલ મારઝુડ કરતો હોવાથી ઉષાએ કંટાળીને સમગ્ર ઘટનાનો પર્દાફાશ રાજસ્થાન પોલીસ સ્ટેશન જઈને કર્યો. રાજસ્થાન પોલીસે ફરિયાદ લઈને ઉષાનું અપહરણ ગાંધીનગરથી થયું હોવાથી સે-૭ પોલીસને ઝીરો નંબરથી ફરિયાદ મોકલી છે. સે-૭ પી.આઈ. કે.એમ. પ્રિયદર્શીએ આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬, ૩૪૨ મુજબ ગુનો નોંધી સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે અને સાહીલ, ધીરજ અને નાથી ઉર્ફે રવિનાની ધરપકડ કરી સમગ્ર ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ કરવા રિમાન્ડ મેળવા તજવીજ શરુ કરી છે.

## @ગાંધીનગર

● જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા સે-૨૨, પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં સાંજે ૫.૩૦ વાગે પ્રમુખશ્રી કે.બી. વ્યાસના અધ્યક્ષસ્થાને મળશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે સે-૭ ખાતે આવેલ બગીચામાં વૃક્ષોને શણગાર કરવામાં આવશે. જેથી ગ્રુપના દરેક સભ્યોને સમયસર હાજર રહેવા ગ્રુપના પ્રમુખ તુષાર દવેએ અનુરોધ કર્યો છે.

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળની સામાન્ય સભા અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન યોજાશે.

● પ.પૂ. આચાર્ય ભગવાનશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબ તેમજ પુ. ગુરુદેવ કૃપારત્ન વિજયજી સાહેબ દ્વારા સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૯.૦૦ કલાકે 'દશ્ય દુનિયાના અદશ્ય કારણો' વિષય પર પ્રવચન યોજાશે.

● સે-૩-ન્યુ વસાહતી ભાઈ બહેનો માટે સવારે ૯.૩૦ થી ૪ કલાક દરમિયાન શોપીંગ સેન્ટર પાસે આધારકાર્ડ કેમ્પ યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે ફુલના હિંડોળા યોજાશે.

● શ્રી તેજાનંદ સ્વામી ગુરુ બ્રાહ્મણ સમાજ સામુહિક યજ્ઞોપવિત અંગેના કાર્યક્રમની બેઠક બપોરે ૩ કલાકે સે-૧૩ રંગમંચ ખાતે લિમ્બચ માતાના મંદિર પાસે યોજાશે.

● દલિતો પર થયેલા અત્યાચારના બનાવને અનુલક્ષી એસ.સી., એસ.ટી., ઓબીસી, લઘુમતી એકતા સંગઠન શકિત દ્વારા 'સદભાવના મૌન રેલી' બપોરે ૧ કલાકે ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધી યોજાશે. ત્યારબાદ જાહેર સભા યોજાશે.

## વાતવાતમાં

● બિલીયર્ડ ગેમના માસ્ટર બ્લાસ્ટર ગીત શેઠ્ઠી ગાંધીનગર સિવિલ ખાતે આવ્યા હતા. ગીત શેઠ્ઠી રીઓ ઓલમ્પિક માટે બ્રાઝીલ જવાના હોવાથી યલોફીવર વેકસીન મુકાવા માટે આવ્યા હતા. તેઓએ પોતાની ઓળખાણ આપ્યા વગર સામાન્ય નાગરિકની જેમ લાઈનમાં ઉભા રહીને વેકસીન મુકાવી હતી.

● શહેરના સે-૧૩ ખાતે આવેલ બાળ સંરક્ષણ ગૃહ ખાતેથી બપોરના સુમારે એક બાળક ભાગી છુટયો હતો. આ બાળક સે-૭માંથી પોલીસને મળી આવ્યો હતો. બાળકને સુરક્ષિત જગ્યાએ પોલીસ મુકી આવી હતી.

● આરએન્ડબી વિભાગના એકઝીકયુટીવ એન્જિનિયર પંકજ સી. ગાંધી શનિવારે વય નિવૃત્ત થયા હતા. તેમણે ભેંટમાં ચાંદીના સિક્કા, શાલ કે અન્ય વસ્તુની જગ્યાએ માત્ર પુસ્તકો આપવા વિનંતી કરી હતી. એમણે એમના મન ગમતા લેખકો અને પુસ્તકોની યાદી પણ આપી હતી જેથી પુસ્તક બેવડાય નહી. તેમનો પુસ્તક પ્રેમ અભિનંદનીય છે.

## લાયોનેસ કલબ દ્વારા યોજાયેલ રકતદાન શિબિર



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા રકતદાન (બ્લડ ડોનેશન કેમ્પનું) શિબિરનું આયોજન સે-૧૬ની શ્રધ્ધાદીપ લેબોરેટરી ખાતે કરવામાં આવ્યું હતું. બ્લડ ડોનેશન કમિટીના ચેરમેન અરૂણાબેન ગજજરની રાહબરી હેઠળ આ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં કલબની બહેનોએ રકતદાન કર્યુ હતું. આ કાર્યક્રમમાં પ્રમુખ દેવલબેન જોષી, સેક્રેટરી મીતલ રાણા, એરીયા કો. ચેરપર્સન વૈશાલીબેન જોષી, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ કલબના સભ્યો હાજર રહ્યા હતા. આ પ્રોગ્રામને સફળ બનાવવા અરૂણાબેન ગજજર તથા શ્રધ્ધાદીપ લેબોરેટરીનો ખૂબ સહકાર પ્રાપ્ત થયો હતો.

## અમદાવાદના ટ્રાન્સપોર્ટરનો અડાલજ કેનાલમાં આપઘાત

### ઓફીસથી બાઈક લઈને નીકળ્યા બાદ ઘરે ગયા ન હતા : આપઘાતનું કારણ રહસ્યમય

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદના ખોડીયારનગર વિસ્તારમાં રહેતા અને ઉમા ટ્રાન્સપોર્ટમાં ભાગીદાર ૪૨ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો છે. અડાલજ નર્મદા કેનાલમાં છલાંગ લગાવી ટ્રાન્સપોર્ટરે મોતને વ્હાલુ કરી દીધું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી રહસ્યમય આપઘાત અંગે ઉંડી તપાસ શરૂ કરી છે. જો કે હજુ સુધી સ્પષ્ટ કારણ બહાર આવ્યું નથી.

અમદાવાદ ખોડીયારનગર વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષીય પ્રદિપભાઈ વિનોદભાઈ કાલરીયા ઉમા ટ્રાન્સપોર્ટ નામના ખાનગી વ્યવસાયમાં પાર્ટનર હતા. તેમને લગ્નજીવનમાં એક સંતાન ૧૧ વર્ષની દિકરી છે. ગઈ કાલે સાંજે ઓફીસથી બાઈક લઈને નીકળ્યા બાદ ઘરે પરત ફર્યા ન હતા. રાતભર ઘરે ન પહોંચતા પરિવારજનોએ શોધખોળ શરુ કરી હતી તો બીજી તરફ આજે સવારના અરસામાં અડાલજ પોલીસની પીસીઆર વાન લઈને પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે અડાલજ કેનાલ બહારથી બિનવારસી બાઈક મળી આવ્યું હતું. પોલીસે બાઈક નંબરને આધારે તપાસ કરતા પ્રદિપભાઈ કાલરીયાના ઘરે સંપર્ક થયો હતો ત્યારે તેઓ લાપતા હોવાની વિગતો ખુલી હતી. કેનાલમાં તપાસ કરતા તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. કોઈ કારણોસર તેમણે કેનાલમાં છલાંગ લગાવી આપઘાત કરી લીધો હોવાની શકયતાને આધારે અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તે દિશામાં તપાસ આરંભી છે.



કલાત્મક હિંડોળા : ભાવ-ભકિતના પર્વોના આરંભ સાથે વિવિધ મંદિરોમાં હિંડોળા મહોત્સવ આરંભાયો છે. સેકટર-૫-એના પંચમુખી હનુમાન મંદિરે શુક્રવારે કલાત્મક હિંડોળા યોજાયા હતા.

## સફાઈ કામદારોનું અભિવાદન કરતું વસાહત મહામંડળ

ગાંધીનગર, તા.૨૩

દેશભરમાં શરુ થયેલ સફાઈ અભિયાન અને જનજાગૃતિના ભાગરુપે સેવાભાવી તથા સામાજીક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ ઝુંબેશમાં સહભાગી બની રહેલ છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા જયોતિ મહિલા મંડળના સંયુકત ઉપક્રમે ગાંધીનગર મહાનગરપાલિકાના સથવારે સફાઈકામ કરતા કામદારોનો એક અભિવાદન કાર્યક્રમ ડેપ્યુટી કમિશનરશ્રી બારૈયા અને ચૌધરી હેલ્થ સુપ્રિ.ના હસ્તે યોજવામાં આવ્યો હતો.

આ સન્માનમાં કામ કરતા કર્મચારીઓનું મહામંડળ, જયોતિ મહિલા મંડળ દ્વારા શ્રી બારૈયા તથા મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી ભેમાભાઈ ખરાડી, મહેન્દ્રભાઈ બોદર, અરવિંદભાઈ પરમાર, આશીષકુમાર વાણીયા તથા શ્રીમતી ભાનુબેન સોલંકી અને જયાબેન ચિનુભાઈનો સમાવેશ થયો હતો. જેઓએ આ શહેરને સાફ સુથરું રાખવામાં મહત્વનું યોગદાન આપેલ છે.

આ સન્માન શ્રી બારૈયા, ચૌધરી, અરુણ બુચ, લતાબેન,ચોકસી, મયુરભાઈ વ્યાસ, કિશોર જીકાદરા, ચંદુજી ઠાકોર, ભરત દીક્ષીત, ભાનુભાઈ દવે, નીલેન્દુ વોરા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ.ચેતના બુચે કર્યુ હતું અને આભારવિધિ શ્રી સુનિલભાઈ શાહે કરી હતી. કાર્યક્રમની વ્યવસ્થા અમીતભાઈ પટેલ, ધીરુભાઈ તથા મહામંડળના આગેવાનોએ કરી સફાઈકામ કરતા કર્મયોગીઓનો ઋણ સ્વિકાર કર્યો હતો.



ગાંધીનગરની ટોપ એજયુકેશન સંસ્થા ખાતે પર્યાવરણની જાળવણી અને ગ્લોબલ વોર્મિંગ અંગે પરિસંવાદ યોજાયો હતો. જેમાં ગ્રીન સ્કૂલના ડાયરેકટર વિરેન્દ્ર રાવત અને અમેરિકન ડેલીગેટસ સહિત વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલયમાં વર્ષાગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય જીઈબી કોલોની ખાતે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્ષાગીત સ્પર્ધાની વિશેષતા એ હતી કે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ જુદા જુદા વર્ષાના ગીતો રજુ કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત શ્રી કલ્પનાબેન ચૌહાણે ગુરુવંદના ગીત ગાઈને કરી હતી. ધો-૧થી ૫માં પ્રથમ સિંઘા હિરલબા, દ્વિતિય શેખ તમન્ના, તૃતીય શર્મા હિમાંશી જયારે ધો-૬ થી ૮માં પ્રથમ સિંઘા ભાવિકા, દ્વિતીય રાઠોડ યશરાજ, તૃતીય ગાંધર્વ આરતી રહ્યા હતા. નિર્ણાયક તરીકે ધારિણીબેન ચાવડા અને ભરતભાઈ જાદવે સેવાઓ આપી હતી. આચાર્યશ્રી ગોવિંદભાઈ નસીને ભાગ લેનારને ધન્યવાદ આપ્યા હતા. કાર્યક્રમના અંતે ધો-૨ના રહેમાને નૃત્ય રજુ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મદદનીશ શિક્ષક મિતલબેન પટેલે કર્યુ હતું.

## જુનિયર સિટિઝન્સ કાઉન્સીલની તા. ૭મી ઓગષ્ટે વાર્ષિક સભા

ગાંધીનગર, તા.૨૩

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલના આજીવન સભ્યો તથા કારોબારી સભ્યો-સલાહકારોની આગામી વાર્ષિક સાધારણ સભા તા. ૭મી ઓગષ્ટના રોજ સવારે દસ વાગે મુકિતધામ ખાતે રાખવામાં આવેલ છે. સંસ્થાની કરકસરની નીતિના ભાગરૂપે આ વર્ષે સભાસદોને જાણ અલગ પત્રોથી કરવામાં આવશે નહી. વાર્ષિક હિસાબો સંસ્થાની ઓફિસમાંથી મેળવી સહયોગ આપવા સાધારણ સભામાં હાજર રહેવા જણાવેલ છે.

## સિધ્ધાર્થ લૉ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

સિધ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગરના આચાર્ય ડૉ.દિલીપ એ. મેવાડા જણાવે છે કે સિધ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ વકતવ્ય દ્વારા ગુરૂજનો વિષે પોતાનો આદરભાવ વ્યકત કર્યો હતો તથા ગુરૂજનોને નમન વંદન કર્યા હતા.

## જિલ્લા કક્ષાની બોકિંસગ સ્પર્ધામાં મહર્ષિ અત્રિ શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૨૩

ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ચિલોડા ખાતે ગત તા. ૨૦ જુલાઈ ૨૦૧૬ના રોજ જિલ્લા કક્ષાની બોકિંસગ સ્પર્ધા યોજાઈ હતી. આ બોકિંસગ સ્પર્ધામાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

જેમાં અન્ડર-૧૪માં પ્રથમ નંબરે ઠકકર કિર્તન હર્ષદભાઈ, પટેલ જેમ્સ સંજયભાઈ, ચૌધરી હરેશ વિરજીભાઈ જયારે અન્ડર-૧૪માં બીજા નંબરે પટેલ જનક અરવિંદભાઈ, બાવરી કૈલાસ રતનલાલ, પટેલ હર્ષ દિનેશભાઈ વિજેતા બન્યા હતા. તેવી રીતે અન્ડર-૧૭માં પ્રથમ નંબરે રાજપૂત ધ્રુવલ અનિલભાઈ, વંશ રણપ્રિય પ્રેમજીભાઈ, પટેલ શ્વેત હર્ષદભાઈ, ઝાલા રાજ ઈન્દ્રસિંહ, પટેલ રામ સુરેશભાઈ, જાદવ રોનકે મેળવ્યો હતો. જયારે અન્ડર-૧૭માં બીજો ક્રમાંક પટેલ દિવ્ય નરસિંહભાઈ, બાવરવા ઉમંગ વિજયભાઈ, પટેલ વેદ રાજુભાઈ, પટેલ પાર્થ વિષ્ણુભાઈએ મેળવ્યો હતો. વિજેતા તમામ ખેલાડીઓને મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા પરિવારે અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

## લાયબ્રેરી સામે થયેલી ધમાલમાં ૧૦૦ યુવાનોના ટોળા સામે ફરિયાદ : એફઆઈઆરમાં ૧૨ કલમોનો સમાવેશ

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૧૫ સ્થિત સરકારી કોલેજમાં ફી ભરવાની લાઈનમાં ઉભા રહેવા જેવી નજીવી બાબતે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી ધમાલે રૌદ્ર સ્વરૂપ પકડી લીધું હતું. સે-૧૭ લાયબ્રેરી બહાર દરબારો-ઠાકોરો વચ્ચે લાકડી, લોખંડની પાઈપ, તલવાર જેવા હથિયારોથી મારામારી ગઈ કાલે થવા પામી હતી. જેમાં બે યુવાનો ગંભીર રીતે ઘવાયા હતા. આ પ્રકરણમાં આજે ૧૦૭થી વધુ ઠાકોર યુવાનોના ટોળા સામે ભારેખમ ગુનાની કલમો સાથે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.

શહેરના સેકટર-૬ બ્લોક નં. ૭૭/૩, જ-ટાઈપ ખાતે રહેતા અજયસિંહ કેશુભા જાડેજાએ સે-૨૧ પોલીસ મથકમાં ઉવારસદના મહોતજી ઠાકોર, ઉમેશ ઠાકોર, સચિન ઠાકોર સહિત ૧૦૦ યુવાનોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે. હત્યાનો પ્રયાસ, ધાડ, ગુનાહીત કાવતરૂ અને રાયોટીંગ સહિતના ગંભીર ગુનાની વિવિધ ૧૨ કલમો હેઠળ ટોળા સામે એફઆઈઆર કરવામાં આવી છે. તલવાર, લાકડી, લોખંડની પાઈપો સહિતના ઘાતક હથિયારો સાથે હત્યા કરવાના ઈરાદે સે-૧૭ લાયબ્રેરી સામે આવી અજયસિંહ સહિત બે યુવાનો પર હિંસક હુમલો કરી તલવાર મારીને સોનાના દોરાને ઝુંટવી લીધો હોવાની ફરિયાદ નોંધાવા પામી છે. આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૩૦૭, ૩૯૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૦૩, ૪૨૭, ૧૨૦બી અને જીપી એકટ ૧૩૫ મુજબ ટોળા સામે ગુનો દાખલ કરી સે-૨૧ પી.આઈ. મીની જોષેફે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'ઈન્વેસ્ટીચર સેરેમની' યોજાયો

ગાંધીનગર, તા.૨૩

તાજતેરમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'ઈન્વેસ્ટીચર સેરેમની' યોજાયો હતો. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓનું નેતૃત્વ કરતા હેડબોય, હેડગર્લ, સ્પોર્ટસ કેપ્ટન અને હાઉસ કેપ્ટન્સને સમારંભમાં સન્માની તેમનામાં નેતૃત્વના ગુણો વિકસાવવા તથા તેમનો ઉત્સાહ વધારવાનો હતો.

આ વખતે દેશના મહાન પ્રેરણાદાયી ચરિત્રો જેમ કે ગૌતમ બુદ્ધ (ગ્રીન હાઉસ), આઈઝેક ન્યુટન (બ્લુ હાઉસ), પંડિત જવાહરલાલ નહેરુ (યલો હાઉસ), સ્વામી વિવેકાનંદ (રેડ હાઉસ) એ પ્રમાણે દરેક હાઉસને નામ આપવામાં આવ્યા હતા. કુહૂ સ્પોર્ટસના ઓપરેશન ડાયરેકટર અભિષેક નાયર તથા માણસા તાલુકાના તલાટી કમ મંત્રી હસમુખભાઈ બારોટે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો તથા આચાર્યશ્રીએ તેમને મળેલી નેતૃત્વની જવાબદારીનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ સફળ નેતૃત્વ અને સુશિસ્ત માટે શુભેચ્છા પાઠવી હતી. 'ઈન્વેસ્ટીચર સેરેમની'માં મોટી સંખ્યામાં વાલીગણ, શિક્ષકો અને સ્કૂલ મેનેજમેન્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## સે-૧૫ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ વ્યસન મુકિત અંગે જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૩

ગુંજ ફાઉન્ડેશન દ્વારા સે-૧૫ સરકારી પ્રાથમિક શાળા ખાતે શનિવારે વ્યસન મુકિત અભિયાન દ્વારા બાળકોને વ્યસન મુકત રહેવા જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

જેમાં કમલેશભાઈએ ગુંજ ફાઉન્ડેશન વતી બાળકોને વ્યસનમુકત જીવન જીવવા માટે તથા ભગવાને આપણને સારા કાર્યો કરવા મોકલ્યા છે તો આપણે બધાએ સારા કાર્યો કરવા જોઈએ તથા વ્યસનથી દુર રહી નિરોગી જીવન જીવવું જોઈએ તેમ સમજાવ્યું હતું. વ્યસનની લત થોડી ગુટખા, બીડી, સિગારેટ જેવાથી શરૂ થાય છે અને કેન્સર જેવી ભયાનક વસ્તુ તરફ આપણને લઈ જાય છે તથા જયારે આપણા મા-બાપ આપણને મહેનત કરી આપણને ભણાવે-ગણાવે છે તો તેમના રૂપિયા વ્યસનમાં ન વાપરવા પણ તેમણે જણાવ્યું હતું.

દિપસિંહ વાઘેલા (વિદ્યા લાયબ્રેરી)એ પણ ભણવામાં એકાગ્રતા લાવવા માટે વ્યસન ન કરવા તથા જરૂર પડે શૈક્ષણિક કીટની મદદ કરવા પણ જણાવ્યું હતું.

રમીલાબેન વાઘેલાએ (કોર્પોરેટર) બાળકોને વ્યસન નામથી દુર રહી સારું જીવવ જીવવા માટે જણાવ્યું હતું.

વિજયસિંહ માજીરાણાએ જણાવ્યું હતું કે ગુંજ ફાઉન્ડેશન દ્વારા વ્યસન મુકિત અભિયાન ગાંધીનગરની દરેક શાળામાં ચલાવવામાં આવશે તથા ગાંધીનગરના બાળકો વ્યસન મુકત રહે તે માટે તેમને શપથ પણ લેવડાવવામાં આવશે. તેમણે સે-૧૫ પ્રાથમિક શાળાના બાળકોને પણ શપથ લેવડાવ્યા હતા.

અંતમાં શાળાના પ્રિન્સિપાલશ્રી તથા સમગ્ર શિક્ષકગણે સે-૧૫ સરકારી પ્રાથમિક શાળા વતી ગુંજ ફાઉન્ડેશનનો આભાર માન્યો હતો.



## આરાધના વિદ્યાવિહાર ખાતે યોજાયેલ કેન્સર અંગે જાગૃતિ કાર્યક્રમ

આજ રોજ આરાધના વિદ્યાવિહાર, સે-૨૮ ખાતે 'ગ્લોબલ કેન્સર કન્સર્ન ઈન્ડિયા' સંસ્થા દ્વારા ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે કેન્સર રોગ સામે જાગૃતિ કેળવવાના હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે જયારે વ્યસન અને કેન્સર સમાજ માટે ખતરારુપ બની રહ્યું છે ત્યારે ભારતમાં કુલ અકસ્માતના મૃત્યુ આંક બાદ માત્ર કેન્સરના કારણે મૃત્યુ આંકમાં બીજા ક્રમે છે તેમ જણાવ્યું હતું. સંસ્થાના સિનિયર જનરલ મેનેજરશ્રી રાજેશભાઈ એલ. હિરવાણિયાએ કેન્સરના વિવિધ રોગો-પ્રકારો વિશે સમજ આપી વ્યસનોને ત્યાગી આદર્શ જીવનશૈલી અપનાવી તંદુરસ્તી જાળવવા તથા કેન્સર સામે જાગૃતિ લાવવા માટે વિશેષ પ્રેરણા આપી હતી તેમજ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી. શાળાના આચાર્યશ્રી વી.ડી. પટેલે આભારવિધી કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના તમામ શિક્ષકશ્રીઓ તથા વહિવટી સ્ટાફે સહયોગ આપ્યો હતો.

## ચિરવિદાય

● સ્વ. ચૌહાણ અમરતબેન કાળુભાઈ, ઉ.વ.૮૮